Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 ॥ ॐ હ્રીં અર્હં નમઃ ॥ 卐



શ્રી શાંતિનાથનું મહા પ્રભાવક પૂજન

# શ્રી સંતિકરમ્ પૂજનમ્

જગત્યાં સન્તિ યે જીવા સ્વ સ્વ કર્માનુસારિણ ।
તે સર્વે વાંછિતં સ્વ સ્વ પ્રાપ્નુવન્તુ સુખં શિવમ ॥

પરમ પૂજ્ય આચાર્ય દેવ વિજય શ્રી મુનિ સુંદર
સુરિ રચિત સંતિકરમ્ સ્તવના આધારે પૂજન વિધિ

સ્વ. શેઠશ્રી હરગોવિંદદાસ ઓતમદાસના શ્રેયાર્થે
એમના પૌત્ર તરફથી ભેટ
શ્રી રતીલાલ નાથાલાલ શેર દલાલ
પૂજન તા. ૧૯-૯-૭૮

સુધા સોદર વાગ્ જ્યોત્સના નિર્નલીકૃતદિઙ્‌ મુખઃ
મૃગ લક્ષ્માતમઃ શાંત્યૈ શાંતિનાથ જિનો સ્તુવઃ

સંપાદક
પ્રકાશક :–ક્રિયાકારક જશભાઈ લાલભાઈ વિ. સં. ૨૦૩૪
રતનપોળ, શેઠની પોળ, વીર સં. ૨૫૦૩
અમદાવાદ. પ્રત : ૧૦૦૦
આ[illegible] [illegible]-૧૦-૭૮

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत
समयावधि में शीघ्र वापस करने की कृपा करें.
जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# —: પ્રસ્તાવના :—

આ ગ્રંથનું પ્રકાશન જે રીતે કરવામાં આવ્યું છે તેનો સમગ્ર યશ અમદાવાદના દેવશાના પાડાના ઉપાશ્રયના પરમ પૂ. આચાર્ય શાન્તિ વિમલ સૂરીશ્વરજીને આભારી છે સુર્યના કીરણો તો ચારે બાજુ પ્રસરે અને ઉદિતિપણાને પ્રસરાવે તેવી જ રીતે અત્યાર સુધીમાં સમગ્ર જૈનાચાર્યોએ પોતાની આગવી શૈલીથી હાલના પ્રસારીત જે જે પૂજનો છે જેવા કે સિદ્ધચક્ર પૂજન, અર્હંત મહા પૂજન, ઋષીમંડલ પાર્શ્વનાથ નમિઉણ પૂજન, વિશસ્થાનક પૂજન, ચિંતામણી પૂજન અર્હદ અભિષેક નંદાર્વત તથા ભક્તામર પૂજન શાંતિસ્નાત્ર અષ્ટોત્તરી વિગેરે પૂજનો જૈન સમાજમાં હાલના આરાધક આત્માઓ પોતાની ઉજવણી એવા સમ્યક્ત્વ ભાવને દેદીપ્યમાન કરવા માટે જે પૂજનો પૂજન રૂપે ચાલુ થયા છે તેમાંનું આ એક શ્રી શાંતિનાથ ભગવાનની આરાધનાનું સમ્યક્ રીતે આરાધના કરી શકે, તે માટે પૂજ્ય આચાર્યશ્રી દેવશ્રી વિજય નીતિ સૂરીશ્વરજી મહારાજના આચાર્ય શ્રી વિજય ભાનુચંદ્ર સૂરીશ્વરજીએ અથાગ પરીશ્રમ વેઠીને આચાર દિનકર આદી સુત્રોમાંથી, ઉદ્ધાર કરીને આરાધના રૂપે પ્રગટ કરેલ છે તે સર્વ જીવોને સમકિત પમાડવા માટેનું આ પૂજન અનેક જીવોને આરાધના રૂપે બને, અને ભવ્યાત્માઓ પૂજનની સુંદર અનુપમ આરાધના કરી કર્મોના મર્મોને ભેદી કર્મ રહિત બનો એજ નવપદ આરાધક એક શુભાભિલાષી

લી. શા. મનુભાઇ પોપટલાલ
અદાશાની ખડકી, પતાસા પોળ,
અમદાવાદ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

W. 3049
18/07/197

# * આદર્શ શ્રાદ્ધરત્નને અંજલિ *

જૈન પુરી અમદાવાદના શ્રી સંઘના ગૌરવ સમા અગ્રણી શ્રેષ્ઠી શ્રી **હરગોવિંદદાસ ઓતમદાસ** એક નિષ્ઠાવાન ધર્માત્મા પુરૂષ હતા. એમનું જીવન ધર્મ શાસ્ત્રોના અધ્યયનરૂપ જ્ઞાનની જ્યોતિથી પ્રકાશમાન અને હૃદયસ્પર્શી ધર્મ ક્રિયાઓની આરાધનાથી પવિત્ર બન્યું હતું આ રીતે એમણે જ્ઞાન અને ક્રિયાનો સમાન રૂપે આદર કરીને પોતાના જીવનને ઉન્નત બનાવ્યું હતું અને ચતુર્વિધ શ્રી સંઘનો આદર મેળવ્યો હતો.

એમની આવી સત્યસ્પર્શી જ્ઞાનોપાસના અને જીવન સ્પર્શી ધર્મ સાધનાને કારણે પૂજ્ય સાધુ મહારાજો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજો પણ એમની પાસે અભ્યાસ કરવા, વિના સંકોચે, આવતાં હતાં. આ યુગના આપણા પ્રતાપી સંઘનાયકો પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરિશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયનીતિ સૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજ વગેરે તથા તત્ત્વજિજ્ઞાસુ સાધ્વીજી મહારાજો જેમની પાસે અધ્યયન કરવામાં ગૌરવ માનતાં હશે, એ ધર્મપુરૂષનું જીવદળ કેટલું ઉચ્ચ હશે તે સમજી શકાય છે. આમ છતાં, આના લીધે, પોતાના ચિત્તમાં રજમાત્ર પણ અહંકારનો પ્રવેશ ન થઇ જાય એ માટે શ્રી હરગોવિંદદાસ શેઠ ખૂબ વિનમ્ર ભાવે, એમ કહેતા કે શાસ્ત્રવાણીનો સાચો ભાવ તો હું બધા પૂજ્યો પાસેથી સમજું છું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મશાસ્ત્રોના અધ્યાપનનું પોતાનું કાર્ય સારી રીતે ચાલતું રહે, અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ એનો લાભ નિયમિત લઈ શકે. એટલા માટે એમણે શ્રી હરકોર શેઠાણીની હવેલી સામે આવેલી શેઠ મગનભાઇ કરમચંદની હવેલીમાં, શેઠશ્રીની સખાવતથી અને એમના નામથી એક પાઠશાળા શરૂ કરાવી હતી જે યધ્યપી પર્યંત ચાલુ છે એમાં પોતાની જિંદગીના અંત સુધી, નિસ્વાર્થપણે, જ્ઞાનદાન કરી પોતાના જીવનને વિશેષ કૃતાર્થ કર્યું હતું.

આ ધર્માનુરાગી મહાનુભવનો જન્મ વિ. સં. ૧૯૦૦ની સાલમાં થયો હતો. ધર્મભાવનાથી એમનું જીવન ભવ્ય, જ્ઞાનદાનથી દેદીપ્યમાન અને સદ્‌વિચાર તથા સદાચારથી પાવન બન્યું હતું. આ રીતે યશનામી અને ઉજ્જવળ જીવન જીવીને વિ. સં. ૧૯૭૬માં, ૭૬ વર્ષની પરિપકવ ઉમરે, આ ધર્મ-પુરૂષ વધુ ઉચ્ચ સ્થાન માટે, શુભ પ્રયાણ કરી ગયા!

એમના ગુણિયલ અને ધર્મમય જીવનની પુણ્ય સ્મૃતિ નિમિત્તે એમના પૌત્ર શ્રી શેરદલાલ રતીલાલ નાથાલાલ તરફથી આ પુસ્તિકા પ્રગટ થાય છે તે અંગે હુ આભારની લાગણી વ્યક્ત કરૂં છું અને સ્વર્ગસ્થના પુણ્યાત્મા પ્રત્યેની મારી હાર્દિક શ્રદ્ધાંજલિના પ્રતીક રૂપે આ પુસ્તિકા તેઓશ્રીને અર્પણ કરીને કૃતાર્થ થાઉં છું.

પૂજન ભણાવનાર—જશભાઇ લાલભાઇ શેઠ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


卐 卐

# સંતિકરમ્ પૂજનમ્

ૐ હ્રીઁ શ્રી શાંતિનાથાય નમઃ

[redacted]

પરમ પૂજ્ય આચાર્યદેવ વિજય શ્રી મુનિસુંદરસુરિ
રચિત સંતિકરમ્ સ્તવ[redacted]વિધિ



સંપાદક તથા પ્રકાશક
પૂજન ભણાવનાર
જશભાઈ લાલભાઈ શેઠ
ઠે. રતનપોળ–શેઠનીપોળ અમદાવાદ–૧
વીર સં. ૨૫૦૩ વિક્રમ સં. ૨૦૩૪ સને ૧૯૭૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપાદક તથા પ્રકાશક :
જશભાઈ લાલભાઈ શેઠ
ઠે. રતનપોળ–શેઠની પોળ
અમદાવાદ-૧

[redacted]

પ્રથમ આવૃત્તિ

મુદ્રક :
કેનીમેક પ્રિન્ટર્સ
રાજુભાઈ સી. શાહ
મામુનાયકની પોળ,
સાંચોરાની ખડકી
અમદાવાદ-૧

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 卐

## ૧૬ શ્રી શાંતિનાથ

### ૐ હ્રીઁ શ્રી શાંતિનાથાય નમઃ

લંછન — જન્મ

મૃગ — ગજપૂર

સર્વ જગતના પાપની શાંતિ કરનારા એવા ૧૬મા તિર્થંકર અને પાંચમા ચક્રવર્તિ એવા શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ. મોહરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યરૂપ અતી પવિત્ર એવું શ્રી શાંતિનાથનું શરણુ હું ગ્રહું છું. પોતાની અમૃત જેવી વાણીરૂપ ચંદ્રિકાથી જેણે દીશાઓના મૂખ્ય ભાગોને નિર્મળ કર્યાં છે અને જેને મૃગનું ચિહ્ન છે એવા શ્રી શાંતિનાથ જીન તમારા અજ્ઞાનની શાંતિ માટે થાઓ. વિશ્વસેન રાજાના કુળમાં આભૂષણરૂપ અને અચિરાદેવીના પુત્ર હે શાંતિનાથ ભગવાન તમે અમારા કર્મની શાંતિ માટે થાઓ. જેઓ ગરૂડ નામના યક્ષથી સેવાએલા છે તથા નિર્વાણી શાસનદેવી તેમની અધિષ્ઠાત્રી છે. ચાલીસ ધનુષ્યની કાયા અને એક લાખ વર્ષ આયુષ્ય પ્રમાણ જેમનું છે, દેશમાં મરકીનો ઉપદ્રવ હતો ત્યારે પ્રભુ માતાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગર્ભમાં આવ્યા બાદ માતાએ પાણીનો છંટકાવ કર્યો અને મરકીનો ઉપદ્રવ શાંત કર્યો આથી પ્રભુનું નામ શાંતિનાથ પડ્યું. ગામ ભોપાવળ, હસ્તિનાપુર, એકલિંગજી, અદબદજી ઈડરગઢ તથા ગજપુરીમાં પ્રભુના દર્શનનાં સ્થાનો છે.

ચક્રવર્તી પ્રભુ પાંચમા એ સોલસમા જગદીશ
મારે મન તું વસ્યો પૂરણ સકળ જગીશ.

આ સ્તોત્રમાં શાંતિનાથ પ્રભુનો મંત્ર આરાધનાના મંત્ર માટે લેવાય છે જેમાં સંતિકરમસ્તવની પ્રભુની તેર ગાથા અષ્ટ પ્રકારીથી અભિષેકમાં લેવાની છે. છેલ્લી ૧૪મી ગાથા (ક્ષેપક) તરીકે મૂકી દેવાની છે. કારણ કે સ્તવન બનાવનાર ગુરૂનું બહુમાનરૂપે ગાથામાં વર્ણન છે. આ પૂજનમાં આચાર્ય ભગવંતની ત્રિભુવન સ્વામીની વિદ્યા, ગણીપીઠ યક્ષ ગરૂડ અને નિર્વાણી દેવીની આરાધના છે સાથે ક્ષેત્રપાલ તથા ચાર નિકાયના દેવ પણ છે. ખાસ કરીને સરસ્વતીજી લક્ષ્મીજી વિદ્યાદેવી શાસનદેવી યક્ષ યક્ષણી નવગ્રહ દસ દિક્‌પાલ નવનીધિ અષ્ટ મહાસિદ્ધિ ગુરૂ પાદુકાની આ પૂજનમાં આરાધના છે.

**ક્ષેત્રપાલ** : કાળા ધોળા અને લાલવર્ણવાળા જુદા જુદા દેવો વડે પૂજાએલા છે ચરણકમળ જેના એવા હે ક્ષેત્રપાલ ભવીક જનોનું વિઘ્ન હરવા વડે રક્ષણ કરો.

**સરસ્વતી** : શ્વેત વર્ણવાળી બ્રહ્મના વિચાર સારરૂપ શ્રેષ્ટ જગતમાં વ્યાપ્ત વીણાને અને પુસ્તક ધારણ કરનારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


કમળના આસન ઉપર બેઠેલી બુદ્ધિ પ્રદાન કરનારી એવી પરમેશ્વરી દેવી ભગવતી શારદાને હું વંદન કરૂ છું.

**લક્ષ્મીદેવી** : ક્ષીર સાગરરાજની પુત્રી વિષ્ણુના ધામની અધિષ્ઠાત્રી સર્વ દેવાંગનાઓ જેની સેવા કરે છે એવી જગતમાં એક માત્ર જ્યોતિ સમાન બ્રહ્મા-વિષ્ણુને મહેશ જેવાના પણ વૈભવ મંદ કૃપા કટાક્ષથી વધારનારી ત્રણલોકની માતા કમળમાં બેઠેલી એવી હરિની પ્રિયા હે લક્ષ્મી તને વંદન કરૂ છું.

**ગરૂડ યક્ષ** : શ્યામવર્ણ શાંતિનાથના તીર્થમાં ઉત્પન્ન થએલ ને કરોડ વંદન વરાહવાહન અને ચાર ભૂજા છે તેનાં જમણા બે હાથ બીજોરૂં ને કમલથી વિભૂષિત છે તથા ડાબા બે હાથમાં નોળિયો તથા જયમાલા શોભે છે.

**નિર્વાણીદેવી** : શાંતિનાથના તીર્થમાં ઉત્પન્ન થએલ. જેમનો ગૌરવર્ણ કમળનું આસન ચાર ભુજા જમણા બે હાથમાં પુસ્તક અને ઉત્પલ અને ડાબા બે હાથમાં કમંડળ અને કમળથી વિભૂષિત શાસનદેવી છે.

પાંચ પીઠ પૈકીની બીજી પીઠ ત્રિભુવન સ્વામીની છે. દ્વાદશાંગીના અધિષ્ઠાયક દેવ ચોથી પીઠના દેવ ગણિપીટક છે. સૂરિમંત્રની પ્રથમ પીઠની અધિષ્ઠાયીકા શ્રુતદેવતા (સરસ્વતી) છે. અને લક્ષ્મી પણ સૂરિમંત્રની પીઠમાં છે.

For Private and Personal Use Only

## સંતિકરમ્ સ્તવન-ગાથા ૧ લી

જેઓ શાંતિના કરનાર છે, જેઓ જગતના જીવોના શરણરૂપ છે, જેઓ 'જય અને લક્ષ્મીના આપનાર છે ભક્ત જનોનું પાલન કરનારા નિર્વાણીદેવી' તથા ગરૂડ યક્ષે જેમની સેવા કરી છે એવા શ્રી શાંતિનાથ ભગવાનનું હું સ્મરણ કરૂ છું.

## ગાથા-૨ જી

જેઓને વિપ્રુડ ઔષધિ નામની લબ્ધિ પ્રાપ્ત થએલી છે, જેઓ સૂરિમંત્ર ।। ૐ સ્વાહા ।। મંત્ર બીજ મંત્રના પદથી સહિત આ ગાથામાંથી નીકળતા ચરણમાં ।। ૐ નમો વિપ્પો સહિ પત્તાણું ૐ સ્વાહા ।। એવા મંત્રના પદે કરીને જાપ કરનારના સર્વ ઉપદ્રવો તથા પાપનો નાશ કરનાર છે એવા પૂ. શાંતિનાથ સ્વામીના ચરણકમળમાં ૐકાર રૂપી મારો નમસ્કાર હો.

## ગાથા-૩જી

ૐકાર પૂર્વક શ્રી શાંતિનાથ પ્રભુના ચરણકમળમાં કરેલો નમસ્કાર શ્લેષ ઔષધ્યાદિક લબ્ધિ પામેલાઓને જ્ઞાનાદીક લક્ષ્મી આપે છે અને ૐકાર તથા હ્રીઁ કાર સહિત કરેલો નમસ્કાર સર્વોષધિ લબ્ધિ પામેલાઓને જ્ઞાનાદીક લક્ષ્મી આપે છે. આ ગાથામાંથી ૨ લબ્ધિ પદો નીકળે છે જે આ પ્રમાણે છે. ।। ૐ હ્રીઁ નમો ખેલો સહિ પત્તાણં ।। ૐ હ્રીઁ નમો સવ્વો સહી પત્તાણું ।। આ બે લબ્ધિ પદોનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિમંત્ર કલ્પમાં બતાવેલા વીધિ પ્રમાણે જાપ કરવાથી સર્વ ઉપદ્રવોનો નાશ થાય છે. ઉક્ત લબ્ધિઓના સ્વામી એવા શ્રી શાંતિનાથ પ્રભુને નમસ્કાર કરી તે તે લબ્ધિના અધિષ્ઠિત મંત્રપદો વીધિપૂર્વક જાપ કરનારા પણ તે તે લબ્ધિને પ્રાપ્ત કરવા ઉપરાંત જ્ઞાનાદીક લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

## ગાથા-૪

શ્રૂતદેવતા (સરસ્વતી) ત્રિભુવન સ્વામીની દેવી-લક્ષ્મી-દેવી-યક્ષરાજ ગણિપીટક તથા સૂર્યાદિક ગ્રહો તથા દીગ્-પાલો છે.

## ગાથા-૫-૬

શાસનની ૧૬ વિદ્યાદેવીઓ મારૂં રક્ષણ કરો.

## ગાથા ૭-૮

આ ચોવીસ યક્ષોનું વર્ણન નિર્વાણ કલિકામાં સ્વરૂપ વર્ણવેલું છે.

## ગાથા-૯-૧૦

ચોવીસ શાસન દેવીઓનું વર્ણન નિર્વાણ કલિકામાં આપેલું છે તથા નવગ્રહો દસદિક્પાલ અને સોળ વિદ્યા દેવીનું વર્ણન સિદ્ધચક્રની ચોપડીમાં આપેલ છે.

## ગાથા-૧૧

એ પ્રમાણે તીર્થનું એટલે ચતુર્વિધ સંઘનુ રક્ષણ કરવાને તત્પર એવા યક્ષ-યક્ષીણીઓ અને બીજા પણ ચાર

For Private and Personal Use Only

નિકાયના ભુવનપતિ-વ્યંતર-જ્યોતિષી-વૈમાનિકના દેવ-દેવીઓ વ્યંતરયોગીની વિગેરે અમારૂં સદા રક્ષણ કરો. વધારે જોવું હોય તો સંગ્રહણી સૂત્ર જૈન ચિત્ર કલ્પદ્રુમ અને ભૈરવ પદમાવતી કલ્પમાં તેનો રેફરન્સ મળશે.

## ગાથા-૧૨

આ પ્રમાણે મુનિસુંદરસુરિએ જેના મહીમાની સ્તુતિ કરી છે એવા સમકીત દષ્ટિ દેવોના સમૂહ સહિત શ્રી શાંતિનાથ જીનેશ્વર શ્રી સંઘની તથા મારી પણ રક્ષા કરો.

## ગાથા-૧૩

આ પ્રમાણે જે સમ્યક્ દષ્ટિ મનુષ્ય પોતાના રક્ષણના માટે શ્રી શાંતિનાથ પ્રભુનું ત્રણ કાળ સ્મરણ કરે છે તે મનુષ્ય સર્વ ઉપદ્રવથી રહિત થઈ ઉત્કૃષ્ટ સુખ સંપદાને પામે છે.

## ગાથા-૧૪

તપગચ્છરૂપી આકાશમાં સૂર્યસમાન યુગપ્રધાન શ્રી સોમસુંદર ગુરુના સુપ્રસાદથી જેણે ગણધર વિદ્યાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવા તેમના શિષ્ય શ્રી મુનિસુંદર સૂરિએ આ સંતિકરમ્ સ્તોત્ર બનાવ્યુ છે.

**આરાધના**: ॥ શ્રી મુનિસુંદર સદ્ ગુરુભ્યો નમઃ ॥ ૨૧ વાર ગણો કે સાતવાર ગણો.

સૂરિમંત્રની સાધના કરતાં દેવે વરદાન આપેલ અને તેથી સંતિકરમની રચના સ્તોત્રરૂપે કરેલી. પર્યૂષણપર્વમાં અઠ્ઠમ કરી ૧૦૮વાર સ્તોત્રને ગણો. આ સાધના પછી ગાથા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨–૩ ૧૦૮ વાર ગણો. ગાથા ૨ ॥ ૐ નમો વિપ્પો સહિ ॥ અને ગાથા ૩ ॥ ૐ સંતિનમુક્કારો ॥ સવાર સાંજ–બપોર ગણવાનું રાખવું.

ગાથા–૧૩ નું સ્તોત્ર કંઠસ્થ કરવું.

**પૂજન ભણાવનારને માર્ગદર્શન :**

માંડલામાં પ્રથમ શાંતિનાથ પ્રભુનું સ્થાપન મધ્યમાં છે (નવ પદ જેવી રીતે મૂકાય છે તેવી રીતના બાકીના વલયમાં અધિષ્ટાયક, સરસ્વતિ, ત્રિભુવન સ્વામી, લક્ષ્મીજી અને ગણિપિટક યક્ષ શાંતિનાથ પ્રભુના બીજા વલયમાં આઠ ખાના પાડી ચાર ખાનામાં લેવાના હોય છે. અને બાકીના ચાર ખાનામાં દરેકમાં સંતિકરમની ત્રણ ગાથાઓ મૂકેલી છે, એ રીતમાં ચાર ખાના પુરવાનાં છે. પ્રભુના અધિષ્ટાયક ગરૂડ યક્ષ તથા નિર્વાણી દેવી ઉપરના ભાગમાં દેરીમાં સ્થાપન કરવાના છે. નીચે ક્ષેત્રપાલ અને ગુરૂપાદુકાની દેરી બનાવવાની છે. અષ્ટ મહાસિદ્ધિ કલશના આકારમાં ઉપર છે. નવનિધિ નીચેના ભાગમાં છે. બાકીના વલયોમાં કલશાકાર રીતે મુકવાના છે. જેમાં ગ્રહો, દીક્પાલો, વિદ્યાદેવી, ગુરૂ-પાદુકા, યક્ષ-યક્ષણી અને છેવટે ચારનીકાયનાદેવ અગ્ની, ઈશાન, નૈરૂત્ય, વાયવ્ય દિશામાં સ્થાપવાના છે. કલશાકારે આખુ માંડલુ બનાવવાનુ છે. શાંતિનાથ પ્રભુના અષ્ટ પ્રકારીથી ૧૩ અભિષેક પ્રભુના સિંહાસનમાં કરવાના છે. આ સૂચનાઓ ખાસ ખ્યાલમાં રાખવી. પ્રથમ ગાથાની ગાથા ૧૨ નો ગોળાકાર ગોઠવ્યા પછી બહારની એક ગોળાકારની પ્રથમ લીટીમાં પ્રથમ ગાથા છે તે મુજબ સમજી લેશો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજન ભણાવનારનું-૩

## મંતવ્ય

ધર્મ એક એવી જીવન દષ્ટિ છે, જે મનુષ્યને અને સમાજને ધારણ કરે છે. શ્રમ વિના માનવતાની જાણ થતી નથી તેમ સંસ્કાર તો જ્ઞાનને પચાવી એમાંથી ક્રિયાનું સર્જન કરે છે. દુઃખ વિના હૃદય નિર્મળ બનતું નથી. વર્તમાનકાળમાં દીનપ્રતિદીન જૈનોની શ્રદ્ધા ધર્મ ઉપરથી ઓસરતી જતી જોઈને શ્રી વિમળગચ્છાધિપતી અનુયોગાચાર્ય હિંમત વીમળજીગણી મહારાજના શિષ્યરત્ન જૈનાચાર્ય શ્રીમદ્ શાંતિવિમલ સૂરીશ્વરજીની સંમતિથી સંતિકરમસ્તોત્રને પૂજનરૂપે પ્રકટ કરવાની ઇચ્છા હતી અને તેમના માર્ગદર્શન અનુસાર સ્તોત્રને પૂજનરૂપે પ્રકટ કરવાની મારી ઇચ્છા થઈ. આ સ્તોત્ર મહાપ્રભાવિક સ્તોત્ર નવસ્મરણનું ત્રીજું સ્તોત્ર છે. મંત્ર સહિત ભણવા ગણવાથી અનેક દુઃખો નાશ પામે છે, વિઘ્નો ટળે છે, અનંત સુખને શાંતિને પમાય છે. સુખની ઇચ્છાથી કરાએલો અમૃત જેવો ધર્મ પણ ઝેર બની જાય છે, સાત્વિક પ્રતિજ્ઞાઓ તો ખરેખર માનવીને જીવાડનારી સંજીવની છે. મૃત્યુ સમયે સમાધિતો જ પ્રાપ્ત થઈ શકે જો જીવન ધર્મમય જીવાયું હોય. કર્મસત્તાને હટાવવાનું મંગલકાર્ય એક માત્ર ધર્મ જ કરે છે. પણ ક્ષણિક સુખના મોહમાં મશગુલ જીવને ધર્મની આ મંગલ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મયતા સમજાતી નથી એવા જીવનું મૃત્યુ મહોત્સવમય ક્યાંથી બની શકે?

કોઈનું મારે ન જોઈએ. મારૂં સૌના કામમાં આવે તેવી ભાવના એ જ સાચી ઉદારતા. સંસારમાં સુખી કોણ? પહેલા નંબરે સાધુ સુખી, અને પછી દેશવિરતી ધર શ્રાવક સુખી–પછી સમકીતિ સુખી ને તે પછી માર્ગાનુસારી સુખી. ધનથી ધર્મ નથી થતો પણ ધર્મિથી ધર્મ થાય છે. ધર્મિ ધનને ધર્મનું સાધન બનાવે એથી ધન એ કાંઈ ધર્મનું સાધન ન કહેવાય. દુઃખ આવી પડે તો આનંદ પામતા શીખો. તાકાત હોય તો આવેલા સુખને છોડો. ન છૂટે તો પાગલની માફક નહીં જ ભોગવવાનો નિર્ણય કરો. પૂ. આચાર્ય દેવશ્રી—નીતિ સૂરીશ્વરજી મહારાજના જેમ સમુદાયના આચાર્ય શ્રી વિજયભાનુચંદ્ર સૂરીશ્વરજીએ વિશાળ દૃષ્ટિ ધરાવી સમગ્ર સમુદાયના શ્રેયાર્થે તથા ગચ્છના સમગ્ર જૈન સંઘના લાભ માટે સુવિચાર ધારણા રાખીને પૂ. આચાર્ય દેવશ્રીએ મને પ્રોત્સાહન આપ્યું. સાધુનો અર્થ છે 'સંચય કરેલી સંયમ શક્તિ' તે મુજબ જૈન સંઘના અને સમાજના ઉપકારક હોય એમાં આશ્ચર્ય નથી. જૈન સાધુનું જીવન ધ્યેય ધર્મની આરાધનામાં આપણને પ્રેરક પદાર્થ પાઠ શીખવે છે. આ પૂજન સંતિકરમ્ સ્તોત્ર પૂજનરૂપે બનાવીને મેં જે આપેલા માર્ગદર્શન મુજબ જહેમત ઉઠાવી છે અને મારા પર જે અનુગ્રહ કર્યો છે તે માટે તેમનો જે ઉપકાર માનું તે ઓછો છે, વધારે શું કહું?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## "साध्नोति साधयति वा पाराणो कार्याणि इति साधुः"

જેમ પર્વતોની મહાન ગુફાના ગાઢ અંધકારમાં કોઈક લઘુદિપક પ્રકાશ પાથરી શકે છે તેમ મનુભાઈ પોપટલાલે પ્રકાશન કરવામાં તેમના ધર્મકાર્યોના વારસાને તથા સાદાઈ સરળતા-ધરગંજુ સ્વભાવ-સદ્‌ગુણોને જાળવે-પામે અને એમાં વૃદ્ધિ કરે એજ રીતે મને ઉપયોગી માર્ગદર્શન આપ્યું છે અને પૂજનના સર્જનમાં અમૂલ્ય સમયનો ભોગ આપ્યો છે તેથી તેમનો પણ આભાર માનુ છું.

ઈશ્વર સાધના માટે નીતિનું પૂરેપૂરું પાલન જરૂરી છે આ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ પામવો અને બીજાને પહોંચાડવો એ અંતિમ ધ્યેય છે.

સમદ્રષ્ટિ અને તૃષ્ણા ત્યાગી બનો. પૂજનના આરાધકો તેનું સ્મરણ કરી અમોને તે સુકૃતના અનુમોદન માટે બનાવે.

આ પૂજન સંઘમાં સમૃદ્ધ થવા સાથે આરાધક વર્ગને ઘણું જ આદરણીય બનશે એમ મારૂં માનવું છે. શ્રી વીતરાગદેવની આજ્ઞા ધારણ કરનાર સમ્યક્‌દ્રષ્ટિ આત્માઓને વિશેષે કરી સમજાવવાની જરૂર પડે તેમ નથી આ પુસ્તકમાં જે કાંઈ અશુદ્ધિ રહી ગઈ હોય તે જ્ઞાની આત્માઓએ સુધારી લેવી અને છપાઈકામ કરનાર મુદ્રણા-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લયને જે સહકાર મળ્યો તે બદલ તેમનો પણ આભાર માનું છું. વાંચક વર્ગ પુસ્તકને યોગ્ય સ્થાને મૂકી આશાતનાથી બચે એજ અભિલાષા.

દૂર ગએલા દીલને નિકટ આણે તે ઉત્સવ જેમાં કોઈ ને ઓછું ન આવે ને પરસ્પર મમતા વધે તે મહોત્સવ તન-મન-ધન વાપરવાની મોસમ તે ઉત્સવ આનંદ વહેંચવાનો અવસર તે ઉત્સવ ને અદાવત વીસરવાનો સુઅવસર તે મહોત્સવ.

સંવત ૨૦૩૪ આસો
સુદ દશમ

લી. જસભાઈ લાલભાઈ શેઠ.

પૂજન ભણાવનાર
શ્રી ધર્મો રક્ષતિ રક્ષિત

રતનપોળ શેઠની પોળ
**અમદાવાદ.**

શાંતિનાથનો શ્લોક

સુધાસોદર વાગ્જ્યોત્સના નિર્મલીકૃતદિઙ્ગમુખઃ ।
મૃગલક્ષ્મા તમઃશાંત્યૈ શાંતિનાથ જિનો સ્તુવઃ ॥

પોતાની અમૃત જેવી વાણીરૂપી ચંદ્રિકાથી જેણે દિશાઓના મુખભાગોને નિર્મળ કર્યા છે અને જેને મૃગનું ચિહ્ન છે એવા "શ્રી શાન્તીનાથ" જિનેશ્વર તમારા અજ્ઞાનની શાંતિ માટે થાઓ.

(આચાર્ય હેમચંદ્રસૂરિ)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજનના વલયોનો અનુક્રમણિકા


૧. સ્નાત્ર પૂજા ભણાવવી.
૨. અર્હંતો ભગવંતની સ્તુતિ
૩. સંતિકરં સ્તોત્ર બોલવું.
૪. પાંચ પદો નમસ્કાર મંત્રના બોલવા
૫. ભૂમિ શુદ્ધિના ૭ શ્લોકો બોલવા
૬. વજ્રપંજર સ્તોત્ર બોલવું
૭. ક્ષેત્રપાલ પૂજન કરવું
૮. રક્ષા પોટલીનો મન્ત્ર
૯. પ્રભુસ્થાપનનો મન્ત્ર
૧૦. કુસુમાંજલી
૧૧. (પ્રભુ) આહ્વાહન
૧૨. સરસ્વતી, લક્ષ્મીદેવી, યક્ષ-યક્ષણી અને જીનજનક-જનની સ્તુતીઓ બોલવી.
૧૩. ગુરૂપાદુકા
૧૪. અધિષ્ટાયક આહ્વાહન સાથે પૂજન
૧૫. સોલ વિદ્યાદેવી પૂજન
૧૬. યક્ષ-યક્ષણી પૂજન
૧૭. ચતુંનિકાય દેવ પૂજા
૧૮. દશ-દીક્પાલ પૂજન
૧૯. નવ-ગ્રહ પૂજન


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦. નવ નિધિ પૂજન
૨૧. અષ્ટ મહાસિદ્ધિ પૂજન
૨૨. ભુત–બલી પૂજન
૨૩. યન્ત્રાભિષેક પૂજન ગાથા ૧૩
૨૪. અષ્ટ પ્રકારી પૂજા
૨૫. મન્ત્રધ્યાન (આરાધના મન્ત્ર)
૨૬. આરતી–મંગળ દીવો
ચૈત્ય વંદન
શાંતી કળશ
૨૭. વિસર્જન માફી માંગવી

## સંતિકરમ્ પૂજનની ઉછામણી

| | | |
|---|---|---|
| ૧. | ક્ષેત્રપાલ પૂજન | (૧ પુરૂષ) |
| ૨. | શાંતિનાથ પ્રભુનું સ્થાપન | (સજોડે) |
| ૩. | અધિષ્ટાયક પૂજન | (છ જણા) સજોડે-ત્રણ ।। |
| ૪. | ગુરૂ પાદુકા | ૧ પુરૂષ |
| ૫. | સોળ વિદ્યાદેવી. | બે કુવારીકા |
| ૬. | નવ–ગ્રહ | સજોડે |
| ૭. | ૧૦ દિક્પાલ | સજોડે |
| ૮. | નવનિધિ | એક પુરૂષ |
| ૯. | અષ્ટ મહાસિદ્ધિ | એક પુરૂષ |
| ૧૦. | યક્ષ–યક્ષણી | સજોડે |
| ૧૧. | ચાર નિકાયના દેવ | ચાર પુરૂષો |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨. શાંતિનાથ પ્રભુને ૧૩. અભિષેક અષ્ટપ્રકારીથી (ઘરના બધા)
૧૩. અષ્ટ પ્રકારી પૂજા  બે જણ
૧૪. આરતી-મંગળદીવો  શાંતિકળશ ધારાવાડી.

## ફળ નૈવેદ મુકવાની વિધિ

| | |
|---|---|
| ક્ષેત્રપાલ | જાસુદ ફુલ, ચંબેલી તેલ<br>લીલું શ્રીફળ |
| ગુરૂપાદુકા | આઠદાડમ મૂકવાં |
| અધિષ્ટાયક પૂજન<br>ગરૂડ નિવાણી | લીલા શ્રીફળ<br>નંગ ૨ |
| સોલ વિદ્યાદેવી | સોલ સોપારી |
| યક્ષ યક્ષણી | ૪૮ સોપારી |
| ચારનિકાય | ૪ પેંડા, ૪ કેળા |
| દશદિગ્પાળો | નારંગી ૧, દાડમ ૨, બીજોરૂ ૨, શેરડી ૧,<br>બદામ ૧, લાલ સોપારી, કાળી સોપારી. |
| નવગ્રહ | દ્રાક્ષ, શેરડી, ૨ નારંગી, ૧ બીજોરૂ, ખારેક ૧,<br>શ્રીફળ ૧, રાતી સોપારી ૧. |
| ઘેબર પેંડા | નીવેદના લાડવા ધાનના બનાવવા |
| નવનિધિ | નવ અખરોટ |
| અષ્ટ મહાસિદ્ધિ | આઠ જાયફલ |
| ભુતબલી | બાકળા (અડદાના) |

## પૂજનના સામાનની યાદી

કંકુ ગ્રામ ૨૫, શ્રીફળ નં. ૨૧, નાડાછડીનો દડો, કપૂરની ગોટી, દશાંગ ગ્રામ ૧૦૦, વાસક્ષેપ ગ્રામ ૧૦૦,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગરબત્તી પડીકા ૨, સોપારી નં. ૭૧, બદામ ૧૧, અખરોટ ૧૦, જાયફળ ૧૦, લાલ સોપારી નં. ૨, કાળી સોપારી નં. ૨, ખારેક નં. ૩૦.

પાન નં. ૩૧, પતાસા ૨૧, મમરા ગ્રામ ૫૦, ધાણી ગ્રામ ૨૫, કાળા તલ ગ્રામ ૫૦, ઘઉં કીલો ૧, મગ કીલો ૨, ચણાની દાળ કીલો ૩, અડદ કીલો ૩, ચોખા કીલો ૨૫, ગાયનું ઘી કીલો ૨, ગોળ કીલો ૨, કેસર ગ્રામ ૫, બરાસ ગ્રામ ૧૦.

અંબર ગ્રામ ૧, કસ્તુરી ગ્રામ ૧, ચાંદીની થોકડી ૧૫, સોનેરી થોકડી ૧, સોનેરી બાદલુ ગ્રામ ૫, સોનારૂપાના ફુલ ગ્રામ ૧૦, સર્વ ઔષધી પડીકું, ૨૧ તારનો દડો, ગુલાબ જળ શીશો, અત્તર શીશી ૩, ચમેલી તેલ શીશી, મલમલના અંગ લુછણા, મીટર ત્રણ નેપકીન ૬, કટાસણા ૫.

## લાડવા ઘેર બનાવવા

અડદના ધાનના નંગ ૫, મમરાના ધાનના નંગ ૫, ચણાની દાળ નંગ ૫, મગના નંગ ૫, ધાણીના નંગ ૮, ચુરમાના લાડું ૫, કાળા તલના ૭.

## નૈવેદ

ઘેબર ૨, પેંડા ૨૧, મગજ ૯, મેસુર ૯, કણુસાઈ લાડવા ૪.

૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ફળની યાદી

લીલું શ્રીફળ નંગ ૨, બીજોરા નંગ ૩, નારંગી નંગ ૬, દાડમ નંગ ૧૨, મોસંબી નંગ ૬, સફરજન નંગ ૬, ચીકુ નંગ ૬, પપૈયું નંગ ૧, શેરડીના કકડા ૬, સાકરના કકડા ૪. સાકળ કોળા નંગ–૨

## ફુલની યાદી

ગુલાબ નંગ ૧૦૦, જાસુદ નંગ ૨૫, જાઈ જુઈ ગ્રામ ૨૦૦, મોગરો ગ્રામ ૨૦૦, ડમરો ગ્રામ ૫૦, આસોપાલવ તોરણ નંગ ૫, પહેરવાના હાર ૧૫, દુધ લીટર ૨ (પખાલ માટે), દહીં લીટર ૦૧

રૂનું બંડલ નંગ ૧, દીવાસળીની પેટી, નવકારવાળી પાંચ, ગ્લાસના બોયા વીસ.

વિધિનો સામાન આગલા દિવસે તૈયાર કરી રાખવો. પૂજનના દિવસે સુશોભીત રીતે દેરાસરમાં શણગાર કરી આસોપાલવ બાંધવો. વિધિવાળાનો જવા આવવાનો બંદોબસ્ત કરવો. માઈકની તથા સંગીતકારની વ્યવસ્થા કરી લેવી મંડલ કાઢનાર માણસને પાંચ માણસો વોલીયંટર આપવા સ્નાત્ર પૂજાનો સામાન સિંહાસન સાથે દેરાસરમાં તૈયાર રાખવો. પાટલા બેસવાના તૈયાર રાખવા. મુગટો પહેરવાના મંગાવી લેવા.

પૂજન સમાપ્ત બાદ રાતના ધારાવડી કરવી. જીવ-દયાની ટીપ જરૂર કરવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ह्रीँ श्री शांतिनाथाय नमः ॥

# શ્રી સંતિકરમ્ પૂજન વિધિ

## પ્રાર્થના

अर्हन्तो भगवन्त इन्द्रमहिता सिद्धाश्च सिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपध्यायकाः
श्रो सिद्धान्तसुपाठका मुनिवराः रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनंः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम् ॥१॥

### સંતિકરમ્ સ્તોત્ર બોલવું

૧. સંતિકરં સંતિજિણં જગસરણં જય સિરીઈ દાયારં
સમરામિ ભત્ત–પાલગ નિવ્વાણી ગરૂડ કય સેવં. ॥

૨. ૐ સનમો વિપ્પો સહિ પત્તાણં સંતિસામિપાયાણં,
ઝ્રૌઁ સ્વાહા મંત્તેણં સવ્વા સિવ દુરિઅ હરણાણં, ॥

૩. ૐ સંતિ નમુક્કારો ખેલોસહિ માઈલદ્ધિપત્તાણં સૌઁ હ્રીઁ
નમો સવ્વો સહિપત્તાણં ચ દેઈ સિરિં. ॥

૪. વાણી તિહુઅણ સામિણિં–સિરિદેવી જક્ખરાય ગણિપિડગા,
ગહદિસિ પાલ સુરિંદા સયાવિરક્ખંતુ જિણભત્તો ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. રક્ખંતુ મમ રોહિણી પન્નત્તી વજ્જસિંખલા ય સયા
વજ્જંકુસિ ચક્કેસરી નરદત્તા કાલિ મહાકાલિ ॥

૬. ગૌરી તહ ગંધારી મહજાલા માણવીઅ વઈરુટ્ટા અચ્છુતા
માણુસિયા મહા માણુસિઆઉ દેવીઓ ॥

૭. જક્ખા ગોમુહ મહજક્ખ તિમુહ જક્ખેસ તુંબરૂ કુસુમો,
માયંગ વિજયઅજિય, બંભો મણુઓ સુરકુમારો ॥

૮. છમ્મુહ પયાલ કિન્નર ગરૂલો ગંધવ્વ તહ્ય જક્ખિંદો,
કુબેર વરૂણો ભિઉડી, ગોમેહો પાસ માયંગા. ॥

૯. દેવીઓ ચક્કેસરી અજિયા દુરિઆરિ કાલિ મહાકાલિ,
અચ્ચુઅ સંતાજાલા સુતારયા સોય સિરિવચ્છા ॥

૧૦. ચંડા વિજયંકુસિ પન્નઈત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી,
વૈરુટ્ટછુત્ત ગંધારિ અંબ પઉમાવઈ સિદ્ધા ॥

૧૧. ઈઅતિત્થ રક્ખણરયા અન્નેવિ સુરા સુરીય ચઉહાવિ,
વંતરજોઈણિ પમુહા કુણં તુ રક્ખં સયા અમ્હં ॥

૧૨. એવં સુદિટ્ઠિ સુરગણ સહિઓ સંઘસ્સ સંતિજિણ ચંદો,
મજ્ઝવિ કરેઉ રક્ખં મુણિસુંદર સૂરિથુઅ મહિમા.

૧૩. ઇઅ સંતિનાહ સમ્મદિટ્ઠી રક્ખં સરઈ તિકાલં જો,
સવ્વોવદ્દવરહિઓ, સ લહઈ સુહસંપયં પરમં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચેના પાંચ પદ ત્રણ વખત બોલવાં અને નમસ્કાર કરવો.

१ ॐ ह्रीँ नमो अरिहंताणं २ ॐ ह्रीँ नमो सिद्धाणं
३ ॐ ह्रीँ नमो आयरियाणं ४ ॐ ह्रीँ नमो उवज्झायाणं
५ ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं

૧. ભૂમિ શુદ્ધમંત્ર.

ॐ ह्रीँ वातकुमाराय विघ्नविनाशकाय महीं पूतां कुरु कुरु स्वाहा

આ મંત્ર બોલીને દાભ-દર્ભના ઘાસથી ભૂમિનું પ્રમાર્જન કરવું.

૨. જલછંટકાવ મંત્ર.

ॐ ह्रीँ मेघकुमाराय धरां प्रक्षालय, प्रक्षालय हूँ फुट् स्वाहा

આ મંત્ર બોલી દર્ભ પાણીમાં બોળી ભુમિ ઉપર છાંટવું.

૩. ચંદન છંટકાવ મંત્ર.

ॐ भूरसि भूतधात्रि सर्वभूतहित्ते भूमिशुद्धिं कुरु कुरु स्वाहा

આ મંત્ર બોલી ભુમિ ઉપર ચંદનના છાંટણા કરવા-ભુમિ શુદ્ધિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ ચેષ્ટા પૂર્વક સ્નાન મંત્ર.

**ॐ नमो विमल निर्मलाय सर्वतीर्थजलाय पां वां क्ष्वीं क्ष्वीं अशुचिः शुचि र्भवामि स्वाहा**

આ મંત્ર બોલી ચેષ્ટા પૂર્વક સ્નાન કરવું.

૫. ભુજા સ્પર્શ મંત્ર.

**ॐ विद्युत स्फुलिंगे महाविद्ये सर्व कल्मषं दह दह स्वाहा**

આ મંત્ર બોલી બન્ને ભુજાઓને સ્પર્શ કરવો.

૬. અક્ષર બોલવા પૂર્વક અંગ રક્ષા મંત્ર.

**क्षि प ॐ स्वाहा हा स्वा ॐ प क्षि ॥**

અનુક્રમે ચડુત્તર આરોહ–અવરોહ ક્રમે નીચેના અવયવો

૧ ઢીંચણ, ૨ નાભિ, ૩ હૃદય, ૪ મુખ, ૫ લલાટ મસ્તક, એમ પાંચ સ્થળે સ્થાપી આત્મરક્ષા કરવી.

| क्षि | प | ॐ | स्वा | हा |
|---|---|---|---|---|
| ઢીંચણ | નાભિ | હૃદય | મુખ | લલાટ મસ્તક |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વજ્રપંજર સ્તોત્રમ્
## શ્રી આત્મરક્ષા (નવકારમંત્ર)

ॐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકં;
આત્મરક્ષકરં વજ્ર-પંજરાભં સ્મરામ્યહં ॥૧॥

ॐ નમો અરિહંતાણં શિરસ્કં શિરસિ સ્થિતં
ॐ નમો સવ્વ સિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥૨॥

ॐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની
ॐ નમો ઉવજ્ઝાયાણં આયુધં હસ્તયોર્દ્રઢં ॥૩॥

ॐ નમો લોએ સવ્વ સાહૂણં, મોચકે પાદયો શુભેઃ
એસો પંચ નમુક્કારો શિલાવજ્રમયી તલે ॥૪॥

સવ્વપાવપ્પણાસણો વપ્રો વજ્રમયો બહિઃ;
મંગલાણંચ સવ્વેસિં ખાદિરંગારખાતિકા. ॥૫॥

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં પઢમં હવઈ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં પિધાનં દેહરક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં ક્ષુદ્રોપદ્રવ નાશિની.
પરમેષ્ઠિપદોદ્ભૂતા કથિતાઃ પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં પરમેષ્ઠિપદૈઃ સદા;
તસ્ય ન સ્યાદ્ભયં વ્યાધિ, રાધિશ્ચાઽપિ કદાચન ॥૮॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષેત્રપાલ પૂજન

ॐ अत्रस्थ क्षेत्रपालाय स्वाहा

આ મંત્ર બોલી ક્ષેત્રપાલની અનુજ્ઞા કરવી અને મંડળમાં ક્ષેત્રપાલને સ્થાનને એક નાળીયેર સ્થાપન કરવું અને તેના ઉપર ચમેલીનાં તેલનાં છાંટણાં કરવાં, ફુલ જાસુદનું મુકવું.

કૃષ્ણસિત કપિલવર્ણ પ્રકીર્ણ કોપાસિતાંઘ્રિ યુગ્મસદા
શ્રી ક્ષેત્રપાલ પાલય ભવિકજનં વિઘ્નહરણેન ॥

ॐ हूँ (क्षुँ) क्षूँ फुट् किरिटि किरिटि घातय घातय परकृत-विघ्नान् स्फेटय स्फेटय सहस्रखंडान कुरु कुरु परमुद्रां छिन्द छिन्द परमन्त्रान् भिन्द भिन्द हूँ क्षः फुट् स्वाहा ॥

આ મંત્ર સાત વાર બોલી સરસવ રક્ષા મંત્રવી. મંત્ર-પૂર્વક રક્ષા પોટલી હાથે બાંધવી તે મંત્ર.

ॐ नमोऽर्हते रक्ष रक्ष हूँ फुट् स्वाहा

આ મંત્ર બોલી પૂજન કરનારાઓને હાથે રાખડી બાંધવી.

## પ્રભુ સ્થાપનનો મંત્ર.

ॐ નમો અર્હત્ પરમેશ્વરાય ચતુર્મુખાય પરમેષ્ઠિને દિગ્કુમારી પરિપૂજિતાય દેવાધિ દેવાય ત્રૈલોક્ય મહીતાય અત્ર પીઠે તિષ્ઠ તિષ્ઠ સ્વાહા. ૐ હ્રીઁ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન સન્મુખ કુસુમાંજલી કરવી.

**परमेश्वर परमेष्ठिन् । परमगुरो परमनाथ परमार्हन् ।**
**परमानन्तचतुष्ठय, परमात्मँस्तुभ्यमस्तु नमः ॥ (आर्या)**

નમુત્થુણં બોલવું

આહ્‌વાહન :

ૐ હ્રીઁ શ્રીં અર્હં ગરૂડ નિર્વાણી પરિપૂજિતાય મુખ્ય-દેવાદિ સહિત શાંતિનાથ પ્રભુ અત્ર અવતર અવતર સંવૌષટ્ નમઃ સિદ્ધ પરમેષ્ઠિભ્ય સ્વાહા.

અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠ : ઠ : ॥ મમ સન્નિહિતા ભવત ભવત વષટ ॥ પૂજાં યાવદ્‌ગૈવ સ્થાતવ્યં નમઃ ॥ પરેષામ-દશ્યા ભવત ભવત ફટ્ ઈમાં પૂજાં પ્રતિચ્છત પ્રતિચ્છત નમઃ શાન્તિનાથાય સ્વાહા ॥

માંટલામાં દેરીમાં પૂજન કરવું (અધિષ્ઠાયક)

**ॐ ह्रीँ-गरुडायनमः स्वाहा॥ ॐ ह्रीँ निर्वाणीभ्यां नमः स्वाहा**

સ્તુતિ

સુધા સોદર વાગ્ જ્યોત્સના નિર્મલી કૃત દિગ્મુખ,
મૃગલક્ષ્મા તમઃ શાંત્યૈ શાન્તિનાથ જિનોસ્તુવઃ

સ્તુતિ

ષટખંડ ભુમિપતી પંચમ ચક્રવર્તી ભવ્યો તણા
પરમ તારક ધર્મ મૂર્તિ
સેવા મને ભવ ભવે મલજો તમારી,
શ્રી શાંતિનાથ સુણજો વિનંતી અમારી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યક્ષ–યક્ષણી પૂજન.

सर्वज्ञ शान्तिनाथस्य, यक्षोऽयं गरुडाभिधः ।
निर्वाणी यक्षिणी सौम्या, प्रकुर्वातां जयश्रियम् ॥

જીન જનક જનની પૂજન.

सर्वज्ञ शान्तिनाथस्य जननीजनकौ मुदा ।
अचिराविश्वसेनश्च विशतां मङ्गालावलिम् ॥

# પ્રથમ વલય

## લક્ષ્મી દેવીની સ્તુતિ

લક્ષ્મી ક્ષીર સમુદ્ર રાજ તનયાં શ્રી રંગ ધામેશ્વરી
દાસીભુત સમસ્ત દેવ વનિતાં, લોકૈક દીપાંકુરામ
શ્રીમન્ મંદ કટાક્ષ લબ્ધ વિભવ, બ્રહ્મેન્દ્ર ગંગાધરામ્ ॥
તામ ત્રૈલોકય કુટુમ્બીની સરસીજાં વન્દે મુકુન્દ પ્રિયામ્ ॥

## સરસ્વતીની સ્તુતિ

શુક્લાં બ્રહ્મવિચાર સાર પરમામાદ્યાં જગદ્વ્યાપિની,
વીણા પુસ્તક ધારિણી મભયદાં, જાડયાન્ધ કારાવહામ્ ।
હસ્તે સ્ફાટિક માલિકાં ચ દધતીં પદ્માસને સંસ્થિતામ્
વન્દે તાં પરમેશ્વરીં ભગવતી બુદ્ધિપ્રદાં શારદામ્ ॥

૨

હે ભગવતી હે ભારતી, હે જયવતી શ્રુતદેવતા,
વિબુધ બનતા અબુધ પણ જે, ત્રિવિધ તુજને સેવતા;
શ્વેતાંબરી વાગીશ્વરી કરી મહેર હર અમ મૂઢતા,
સકલ વિદ્યા દક્ષતાને આપજે પારંગતા ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બીજું વલય

## ગુરૂપાદુકા પુજનમ્ (આઠ દાડમ)

(१) ॐ ह्रीँ अर्हत् पादुकाभ्यः नमः स्वाहा ॥

(२) ॐ ह्रीँ सिद्धपादुकाभ्यः नमः स्वाहा ॥

(३) ॐ ह्रीँ गणधरपादुकाभ्यः नमः स्वाहा ॥

(४) ॐ ह्रीँ गुरुपादुकाभ्यः नमः स्वाहा ॥

(५) ॐ ह्रीँ परमगुरुपादुकाभ्यः नमः स्वाहा ॥

(६) ॐ ह्रीँ अदृष्टगुरुपादुकाभ्यः नमः स्वाहा ॥

(७) ॐ ह्रीँ अनन्त गुरुपादुकाभ्य नमः स्वाहा ॥

(८) ॐ ह्रीँ अनन्तानन्तगुरुपादुकाभ्यः नमः स्वाहा ॥

કુસુમાંજલી કરવી.

सामाहृताः स्वरा वर्गा, लब्धिमन्तो महर्षयः ।
गुरूणां पादुकाश्चैव सर्वे पूजां प्रतीच्छत ॥

અધિષ્ઠાયક આહ્વાહન

ૐ હ્રીં શ્રી સરસ્વતી, ભગવતી, વાગદેવતે, વીણા પુસ્તક મૌક્તિકાક્ષવલય શ્વેતાંબ્જ મંડિત કર, શશધર નિકર ગૌરિ હંસવાહને ઈહ સંતિકરં પૂજન વિધિ મહોત્સવે અત્ર આગચ્છ આગચ્છ પૂજાં બલિં ગૃહાણ ગૃહાણ શાંતિ તુષ્ટિ પુષ્ટિ વૃદ્ધિં કલ્યાણં કુરૂ કુરૂ સ્વાહા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્રીજું વલય

સરસ્વતી પૂજન :–

जनतान्धकार हरणार्क संनिभे
गुणसंततिप्रथनवाक्समुच्चये ।
श्रुतदेवतेऽत्र जिनराजपूजने
कुमतिविनाशय कुरुष्व वांछितम् ॥

## મંત્ર

ૐ હ્રીઁ અર્હઁ નમઃ વાગ્દેવતા સરસ્વત્યૈ નમઃ સ્વાહા ॥

લક્ષ્મીદેવીનું પૂજન

स्वर्णाभांत्तमकर्कटादि गमना सौम्या चतुर्बाहुभृत् ।
वामे हस्तयुगेकुशं दधिफलं तत्रापि बे दक्षिणे ॥
पद्मं पाशमुवंचयन्त्यविरतं पद्मावती देवता ।
किंनर्यर्चितनित्यपादयुगला संघस्य विघ्नं ह्रियात् ॥

## મંત્ર

ૐ હ્રીઁ અર્હઁ નમઃ શ્રી મુકુન્દપ્રિયાયૈ સ્વાહા

પૂજા :–ૐ હ્રીઁ અર્હત વિષ્ણુપ્રિયા મહાલક્ષ્મી ચતુષ્કરા
સમુદ્રનાગશાયીની મુકુન્દ પ્રિયા અવતુ ॥

## અધિષ્ઠાયકની પૂજા (આહ્વાહન્)

ૐ હ્રીં શ્રીઁ ત્રીભુવન સ્વામિન્યૈ સ્વાહા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ હ્રીં અર્હં જિન પ્રવચનાધિષ્ઠાયકાય શ્રી ગણિપિટક યક્ષ-
રાજાય સ્વાહા

ૐ હ્રીં શ્રી સરસ્વતિદેવ્યૈ સ્વાહા

ૐ હ્રીં શ્રી લક્ષ્મીદેવ્યૈ સ્વાહા

## શ્લોક

ધરણેન્દ્ર પ્રિયાદેવી પદ્માવતી ચતુષ્કરા કુર્કુટ નાગયા-
નામા ત્રિફણાલંકૃતાડવતુ ॥

## મંત્ર

ૐ હ્રીં અર્હં નમઃ શ્રી ધરણેન્દ્ર મુખ્ય પ્રિયા પદ્માવત્યૈ સ્વાહા

# ચોથું વલય

## સોળ વિદ્યા દેવીઓ

(१) यासां मंत्रपदैर्विशिष्टमहिमप्रोदभूतभृत्युत्करैः
षट् कर्माणि कुलाध्वसंश्रितधियः क्षेमात् क्षणात् कुर्वते
ता विद्याधर–वृन्दावन्दितपदा विद्यावलीसाधने
विद्यादेव्य उरुप्रभावविभवं यच्छन्तु भक्तिस्पृशाम् ॥

(२) रोहिण्यादि–सुविद्यायै, सर्वविघ्नोपशान्तये ॥
संतिकरपूजायां यच्छामि कुसुमाञ्जलिम् ॥

(१) ॐ ह्रीँ श्री रोहिण्यै स्वाहा (२) ॐ ह्रीँ श्री प्रज्ञप्त्यै स्वाहा (३) ॐ ह्रीँ श्री वज्रशृंखलायै स्वाहा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(४) ॐ ह्रीँ श्रीवज्राङ्कुश्यै स्वाहा (५) ॐ ह्रीँ श्री चक्रेश्वर्यै स्वाहा (६) ॐ ह्रीँ श्री पुरुषदत्तायै स्वाहा (७) ॐ ह्रीँ श्री काल्यै स्वाहा (८) ॐ ह्रीँ श्री महाकाल्यै स्वाहा (९) ॐ ह्रीँ श्री गौर्यै स्वाहा (१०) ॐ ह्रीँ श्री गान्धार्यै स्वावा (११) ॐ ह्रीँ श्री सर्वास्त्राम्हाज्वालायै स्वाहा (१२) ॐ ह्रीँ श्री मानव्यै स्वाहा (१३) ॐ ह्रीँ श्री वैरुट्यायै स्वाहा (१४) ॐ ह्रीँ श्री अच्छुप्तायै स्वाहा (१५) ॐ ह्रीँ श्री मानस्यै स्वाहा (१६) ह्रीँ श्री महामानस्यै स्वाहा

અર્ઘ્ય : रोहिण्यादि महाविधा, देव्यः सुपूजिता इमाः
सन्तिकरयन्त्रस्य पूजने स्युर्वरप्रदाः

(કુસુમાંજલીથી વધાવવા)

# પાંચમું વલય

## શાસન દેવી (યક્ષ–યક્ષણી)નું પૂજન

પુષ્પાંજલિ

यासां संस्मरणाद भवन्ति सकलाः संपदगणा देहिनां,
दिक्पूजाकरणैकशुद्धमनसां स्युर्वाञ्छिता लब्धयः ॥
याः सर्वाश्रमवन्दितास्त्रिजगतामाधारभूताश्च याः;
वन्दे शासनदेवताः परिकरैर्युक्ताः सशस्त्रात्मनः ॥१॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१ ॐ श्री गौमुख चक्रेश्वरीभ्यां नमः (स्वाहा)
२ ॐ श्री महायक्षअजितबलाभ्यां नमः स्वाहा
३ ॐ श्री त्रिमुख-दुरितारिभ्यां नमः स्वाहा
४ ॐ श्री यक्षनायक-कालिकाभ्यां नमः स्वाह
५ ॐ श्री तुम्बरुमहाकालिकाभ्यां नमः स्वाहा
६ ॐ श्री कुसुमअच्युताभ्यां नमः स्वाहा
७ ॐ श्री मातङ्गशान्ताभ्यां नमः स्वाहा
८ ॐ श्री विजय-भ्रकुटिभ्यां नमः स्वाहा
९ ॐ श्री अजित-सुतारिकाभ्यां नमः स्वाहा
१० ॐ श्री ब्रह्माडशोकाभ्यां नमः स्वाहा
११ ॐ श्री यक्षराज-मानवीभ्यां नमः स्वाहा
१२ ॐ श्री असुरकुमार-चण्डाभ्यां नमः स्वाहा
१३ ॐ श्री षण्मुख-विदिताभ्यां नमः स्वाहा
१४ ॐ श्री पातालाङ्कुशाभ्यां नमः स्वाहा
१५ ॐ श्री किन्नर-कन्दर्पाभ्यां नमः स्वाहा
१६ ॐ श्री गरुड-निर्वाणीभ्यां नमः स्वाहा
१७ ॐ श्री गन्धर्व-वलाभ्यां नमः स्वाहा
१८ ॐ श्री यक्षेश-धारिणी भ्यां नमः स्वाहा
१९ ॐ श्री कुबेर-वैरोट्याभ्यां नमः स्वाहा
२० ॐ श्री वरुण-नरदत्ताभ्यां नमः स्वाहा
२१ ॐ श्री भ्रकुटि-गान्धारीभ्यां नमः स्वाहा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



२२ ॐ श्री गोमेध-अम्बिकाभ्यां नमः स्वाहा
२३ ॐ पार्श्व-पद्मावतीभ्यां नमः स्वाहा
२४ ॐ श्री मातङ्ग-सिद्धायिकाभ्यां नमः स्वाहा

ચોવીશ યક્ષને કુસુમાંજલી કરવી.

ये केवले सुरगणे मिलिते जिनाग्रे
श्री संघरक्षणविचक्षणतां विदध्युः ।
यक्षास्त एव परमर्द्धिविवृद्धिभाज
आयान्तु शान्तहृदया जिनपूजनेऽत्र ॥

(અર્ધ્ય) जिनानां यक्ष-यक्षिण्यो, जिनशासनवत्सलाः ।
अर्ध्यमादाय कल्याणं, कुर्वन्तु च जयश्रियम्
(અર્ધ્ય આપવા)

## ચતુર્નિકાય દેવપૂજા

કુસુમાંજલી :

ये चतुषष्ठिदेवेन्द्रा, भवने शादयो मुदा । ते च भक्त्यार्चिता पूजां स्वीकुर्वन्तु शुभाश्रयाः ॥

ॐ नमो वैमानिकेभ्यः स्वाहा (ઇશાન)
ॐ नमो भुवनपतिभ्यः स्वाहा (અગ્નિ)
ॐ नमो व्यंतरेभ्यः स्वाहा (નૈઋત્ય)
ॐ नमो ज्योतिष्केभ्यः स्वाहा (વાયવ્ય)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રાર્થના

पातालवासिनो देवा, देवा भूपीठवासिनः।
स्वर्वासिनोऽपि ये देवा सर्वे रक्षन्तु मामितः ॥

## દસ દિગ્પાલ આહ્વાહન્

ॐ ઇન્દ્ર અગ્નિ યમ નૈરૂત વરૂણ વાયુ કુબેર ઇશાન બ્રહ્મ નાગ સર્વે ગ્રહા ઇહા સંતિકરં પૂજન વિધિ મહોત્સવે અત્ર આગચ્છ આગચ્છ પૂજાબલિં ગૃહાણ ગૃહાણ શાંતિ તૃષ્ટિ પુષ્ટિ વૃદ્ધિ કલ્યાણં કુરૂ કુરૂ સ્વાહા.

# છઠ્ઠું વલય

## દશ દિક્પાલની કુસુમાંજલી

दिक्पालाः सकला अपि प्रतिदिशं स्वं स्वं बलं वाहनं
शस्त्रं हस्तगतं विधाय भगवत्स्नात्रे जगद्दुर्लभे।
आनन्ददोल्बणमानसा बहुगुणं पूजोपचारोच्चयं
संध्याय प्रगुणं भवन्तु पुरतो देवस्य लब्धासनाः ॥

१ ॐ इन्द्राय नमः स्वाहा २ ॐ अग्नये नमः स्वाहा
३ ॐ यमाय नमः स्वाहा ४ ॐ नैऋत्याय नमः स्वाहा
५ ॐ वरुणाय नमः स्वाहा ६ ॐ वायव्ये नमः स्वाहा
७ ॐ कुबेराय नमः स्वाहा ८ ॐ ईशानाय नमः स्वाहा
९ ॐ सोमब्रह्मणे नमः स्वाहा १० ॐ नागेन्द्राय नमःस्वाहा



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भो भो इन्द्रादि दिक्पालोः, सवाहन परिच्छदाः ।
तुष्टि–पुष्टि–करा नित्यं, सन्तु विघ्नापहारकाः

(પુષ્પાંજલી કરવી)

# સાતમું વલય

## નવગ્રહ કુસુમાંજલી

सर्वे ग्रहा दिनकर प्रमुखाः स्वकर्म
पूर्वोपनीतफलदानकरा जनानाम् ।
पूजोपचारनिकरं स्वकरेषु लात्वा
सन्त्वागताः सपदि तीर्थकरार्चनेऽत्र ॥

આ શ્લોક બોલી નવગ્રહ ઉપર પુષ્પાંજલી મૂકવી.

१ ॐ सुर्याय नमः स्वाहा २ ॐ चद्राय नमः स्वाहा
३ ॐ भोमाय नमः स्वाहा ४ ॐ बुधाय नमः स्वाहा
५ ॐ बृहस्पतये नमः स्वाहा ६ ॐ शुक्राय नमः स्वाहा
७ ॐ शनैश्चराय नमः स्वाहा ८ ॐ राहवे नमः स्वाहा
९ ॐ केतवे नमः स्वाहा

પ્રાર્થના : भावदृष्टि दशादीनां, हेतुतः सुख दुखदाः ।
सौख्याय स्वर्चितास्तेऽपि, भ्वन्त्वेते नवग्रहाः

(પુષ્પાંજલી)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આઠમું વલય

## નવનિધિ પૂજન

१ ॐ नैसर्पिकाय नमः स्वाहा २ ॐ पाण्डुकाय नमः स्वा
३ ॐ पिङ्गलाय नमः स्वाहा ४ ॐ सर्वरत्नाय नमः स्वा
५ ॐ महापद्माय नमः स्वाहा ६ ॐ कालाय नमः स्वा
७ ॐ महाकालाय नमः स्वाहा ८ ॐ माणवकाय नमः स्वा
९ ॐ शङ्खाय नमः स्वाहा १० ॐ ह्रीं नवनिधिभ्यः स्वा

અર્ધ્ય : नैसर्पादिकशङ्खान्ताः, पूजिता हि महोत्सवे ।
ते महानिधयो नः स्यु र्महैश्वर्यप्रदायिनः ॥

# નવમું વલય

## અષ્ટ મહાસિદ્ધિ પૂજન

આઠ એકાસણા, એકાંતરા આઠ ઉપવાસ યથાશક્તિથી આ તપ કરવા.

१ ॐ ह्रीं अणिमा महासिद्ध्यै स्वाहा
२ ॐ ह्रीं महिमा महासिद्ध्यै स्वाहा
३ ॐ ह्रीं लघिमा महासिद्ध्यै स्वाहा
४ ॐ ह्रीं गरिमा महासिद्ध्यै स्वाहा
५ ॐ ह्रीं प्राप्ति महासिद्ध्यै स्वाहा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



६ ॐ ह्रीँ प्रकाम्या महासिद्धायै स्वाहा

७ ॐ ह्रीँ ईशिता महासिद्धायै स्वाहा

८ ॐ ह्रीँ वशिता महासिद्धायै स्वाहा

અર્ધ્ય : अणिमाद्यष्टसिद्धिनां, माहात्म्यं भुवि विश्रुतम् ।
तदर्चनेऽर्घ्यकावासे, चिरं चारु लसन्ति ताः ॥
(અર્ધ્ય વડે વધાવે)

## ભૂતબલિ પૂજનમ્

બલિમંત્ર : ॐ ह्रीँ क्ष्वीँ सर्वोपद्रावान् बलिं रक्ष रक्ष स्वाहा ।

ભૂતબલિ : भूचरा खेचरा भूता, स्तिर्यग्गा अपि पूजने
पूजाबलिं समादाय भवन्तु सङ्घशान्तये ॥

ॐ भवणवाई वाणवंतर जोइसवासी विमाणवासीअ ॥
जे कवि दुट्ठदेवा ते सव्वे उवसमन्तु मम स्वाहा ।

દુષ્ટવિત્રાસનં : ये दुष्टाबलिदानेन, न शाम्यन्ति कदाचन ।
तेषां मुद्राभिरेताभिः, कार्यं वित्रासनं स्फुटम् ॥
भौमान् पार्ष्णित्रिधातेन दिव्यान् दृष्टिनिपातनैः ॥
दिक्चारिणस्त्रितालाभि-र्दुष्टान् वित्रासयाम्यहम् ॥

## યન્ત્રઅભિષેક સ્નાત્ર

પ્રભુ સિંહાસન પાસે ઊભા રહી કુસુમાંજલી કરવી :

नमोऽर्हत् : संयुक्ताय जिनैः पूज्यैः परमवासरैः ।
संतिकरयन्त्रेऽस्मिन् पुष्पांजलिं समर्पये ।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કલશાધિ વાસનમ્

દૂધ ભરેલા કળશોમાં વાસક્ષેપ કરવો :

**ॐ ह्रीँ श्रीँ धृति–कीर्ति–बुद्धि–लक्ष्मी–शान्ति–तुष्टि–पुष्टय एतेष्वष्ट–कलशेषु कृताधिवासा भवन्तु भवन्तुस्वाहा**

અષ્ટપ્રકારી પૂજાથી સંતિકરંની ૧૩ ગાથાથી સ્નાત્રાભિષેક મહોત્સવ કરવો.

## શાતિનાથ ભગવાનની સ્તુતિ

૧ જાણ્યા જાયે શિશુ સકળના લક્ષણો પારણાથી
શાંતી કીધી પણ પ્રભુ તમે માતના ગર્ભમાંથી
ષટખંડોને નવનિધિ તથા ચૌદ રત્નો તજીને
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.

**પ્રથમ ગાથા :**

સંતિકરં સંતિજિણં જગસરણં જયસિરીઈ દાયારં
સમરામિ ભત્તપાલગ નિવ્વાણી ગરૂડ કય સેવં

ॐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય જન્મ–જરા મૃત્યુ નિવારણાય ગરૂડ નિર્વાણી પરિપૂજિતાય–શ્રીમતે શાંતિનાથ જિનેંદ્રાય જલં–ચંદન–પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફૂલં યજામહે સ્વાહા.

**સ્તુતિ ૨ :** ષટખંડ ભૂમિપતી પંચમ ચક્રવર્તી
ભવ્યો તણા પરમ તારક ધર્મ મૂર્તિ
સેવા મને ભવ ભવે મલજો તમારી
શ્રી શાંતિનાથ સુણજો વિનંતિ અમારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બીજી ગાથા :**

ૐ સનમો વિપ્પોસહિ–પત્તાણં સંતિસામિપાયણં
ૐ "સ્વાહા મંત્રોણ સવ્વાસિવ દુરિઅ હરણાણં
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય બોલવું અભિષેક કરવો

**સ્તુતિ ૩** : દયાના નીરજે અશિવદવની શાંતી કરતા
મૃગાંકી ચક્રીજે કનક સરખી કાંતી ધરતા,
ભવી સેવી જેને ભવભવ ભય ભ્રાંતી હરતા
નમી તેવા શાંતિ પ્રભુ ચરણમાં પામુ પ્રભુતા.

**ત્રીજી ગાથા**

ૐ સંતિનમુક્કારો, ખેલો સહિ માઈ લધ્ધી પત્તાણં
સૌઁ હ્રીઁ નમો સવ્વો સહિ પત્તાણં ચ દેઈ સિરિં
ૐ હ્રીઁ શ્રી પરમ પુરૂષાય બોલી અભિષેક કરવો.

નોંધ : ઉપર પ્રમાણે બાકીની ૧૦ ગાથા અનુક્રમે સ્તુતિ તથા ગાથા અને પરમપુરૂષાયનો શ્લોક બોલી અભિષેક કરવા.

અષ્ટ પ્રકારી પૂજાની કુસુમાંજલી :

પંડિત વિરવિજયજી મહારાજની અષ્ટ પ્રકારી પૂજા તેર અભિષેક પત્યા બાદ કરવી. અને છેલ્લે કુસુમાંજલીનો શ્લોક બોલવો.

કુસુમાંજલીનો શ્લોક :

**नीरै निर्मलता सुमैः सुभगतां गन्धैः शुभै स्वामितां**
**लक्ष्मी मांगलिकाक्षतैश्च चरुभिर्भोज्यं प्रदीपैर्महः**
**घूपैव्याप्त जगद्यशः परिमलं श्रेयः फलं सत्फलै**
**र्भव्या निश्चलमाप्तुवन्ति सततं श्री संतिकरस्तोत्रार्चनात् ॥१॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રભુ સ્તુતિ

જગશાંતિ પ્રગટાવવા પ્રગટ ભયે જિનરાજ
શાંતિનાથ શાંતિ કરી, નામ લીયો મહારાજ.

**મન્ત્રધ્યાનમ્**

નીચેના મંત્રનો ૧૦૮ વાર જાપ કરવો.

**આરાધના મન્ત્ર**

ૐ હ્રીઁ શ્રી શાંતિનાથાય નમઃ મમ શાંતિં કુરૂ કુરૂ સ્વાહા.
આરતિ-મંગળદીવો ઉતારવો. શાંતીકળશ મોટી શાંતિથી કરવો.

**ચાર થોયથી દેવવંદન વિધિવાળાએ કરવા**

સંઘમાં સમુહ ચૈત્યવંદન અને સ્તવન શાંતિનાથ ભગવાનનું કરવું.

ક્ષમાપના :

કીર્તિંશ્રિયો રાજ્યપદં સુરત્વં ન પ્રાર્થયે કિંચન દેવ યન્તત્વામ્;
મત્પ્રાર્થનિયં ભગવન્ પ્રદેયં સ્વદાસ્યતે માં-નય સર્વદાપિ.
ૐ આજ્ઞાહીનં ક્રિયાહીનં મન્ત્રહિનંચ યત્ કૃતમ્ તત્ સર્વં કૃપયા દેવાઃ ક્ષમન્તુ પરમેશ્વરાઃ ૐ આહ્વાહનં નૈવં જાનામિ ન જાનામિ વિસર્જનમ્ પૂજા વિધિં ન જાનામિ પ્રસીદ પરમેશ્વરઃ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્, પ્રધાનં સર્વધર્માણાં, જૈનંજયતિ શાસનમ્

વિસર્જન શ્લોક :

ૐ વિસર વિસર સ્વસ્થાનં ગચ્છ ગચ્છ સ્વાહા ।

## ધર્મો રક્ષતિ રક્ષિતઃ

॥ પૂજન વિધિ સમાપ્ત ॥

આ પૂજન આચાર દીનકર સૂત્રમાંથી તૈયાર કરેલ છે.

**લી. જશભાઈ લાલભાઈ શેઠ પંડિત શ્રી વીર વિજયજી ઉપાશ્રય**
સં. ૨૦૩૪ શ્રાવણ વદી ૧૨ બુધવાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલ કામના

અનુભવે નવા નવા પૂજનો આજદિન સુધી પ્રસિદ્ધ કરવામાં તમે જે સહકાર આપ્યો છે તેમાં તમારી કાળજી દીર્ઘગામી દૃષ્ટિ અને ભણાવવાની કુશળતાને આભારી છે.

આ સંતિકર પૂજન તૈયાર કરવામાં શ્રી જસભાઈ લાલભાઈનો મુખ્ય ફાળો છે આજે આંગળીના વેઢે ગણાતાં સુંદર વિધિકારકોમાં શ્રી જસભાઈ પૂજન ભણાવનારાઓમાં ગણના પાત્ર છે તેઓ તમામ જાતની દરેક પૂજન વિધિ પોતાના વ્યવહારીક કાર્યોનો ભોગ આપી કરાવે છે વિધિકારક ઉપરાંત તેમણે સંકલના પૂર્વક આ સંતિકરં પૂજન તૈયાર કરવામાં સમય અને બુદ્ધિનો ઘણો ભોગ આપ્યો છે ભક્તિ ભક્તને પરમાત્મામાં એકતાન બનાવે છે આ પૂજન તે પૈકીનું ઉત્તમ પૂજન છે.

તમે તમારા શાસન પ્રત્યેના રાગને પ્રગટ કરવા સાથે ઘણાંના સમક્તિ નિર્મળ કર્યાં છે. શાસનમાં આવી સેવા ભાવી વ્યક્તિઓથી શાસન ઉજ્જવળ છે તમારો પરિશ્રમ સેવા ભાવનાને આભારી છે શાસનદેવ પ્રત્યે પ્રાર્થના સેવાનાં ઘણા સુંદર કાર્યો તમારા હાથે થાય તેમ ઇચ્છીએ છીએ.

તમામ પૂજનના યંત્રો વ્યવસ્થિત રીતે તેમને દેરાસરમાં પધરાવેલ છે સંતિકરમ્ પૂજન પૂજ્ય આચાર્યદેવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિવિમલ સૂરીશ્વરજી પાસે સંકલિત કરાવી પ્રમાણિત કરેલ છે અને પરમપૂજ્ય આચાર્ય દેવશ્રી વિજય નીતિ સૂરીશ્વરજી મહારાજના આચાર્ય દેવ શ્રી ભાનુચંદ્ર સૂરીશ્વરજી એ આ પુસ્તક પ્રગટ કરવામાં પ્રોત્સાહન આપી જે અનુમોદના કરી ઉપયોગી માર્ગદર્શન આપ્યું તે વ્યવહારદક્ષ ભદ્રિકપરિણામી ને આભારી છે. મૂળ પ્રણેતા, શ્રી જસભાઈની દોરવણી નીચે ભણાશે દરેક પૂજન ભણાવનાર તેમનો લાભ લેશે એવી અભ્યર્થના– પૂ. આચાર્યશ્રી વિજય ભાનુચન્દ્ર સુરિજી પૂ. આચાર્યશ્રી શાન્તિવિમલ સુરિજી.

## શ્રી શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમાં અચિરા સુત વંદો<br>
વિશ્વસેન કુલ નભોમણિ ભવિજન સુખ કંદો (૧)<br>
મૃગ લંછન જિન આઉખું લાખ વરસ પ્રમાણ<br>
હત્થિણા ઉર નયરી ધણી પ્રભુજી ગુણ મણિખાણ (૨)<br>
ચાલીશ ધનુષની દેહડીએ સમ ચઉસ્સ સંઠાણ<br>
વદન પદમ જ્યું ચંદલો દીઠે પરમ કલ્યાણ (૩)

## શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ<br>
શાંતિકરણ ઈન કલિ મે હો જિનજી<br>
તું મેરા મનમે તું મેરા દિલમે,<br>
ધ્યાન ધરૂ પલ પલમેં સાહેબજી ૧<br>
ભવમાં ભમતામેં દરિશન પાયો<br>
આશા પુરો એક પલમેં હો જિ૦ તું મેરા, ૨

For Private and Personal Use Only

નિરમલ જ્યોત વદન પર સો હે
 નિકસ્યોજ્યું ચંદ્ર બાદલમેં હો જિ૦ તુ મેરા ૩
મેરો મન તુમ સાથે લીનો
 મીન વસ્યો જ્યું જલમે હો જિ૦ તુ મેરા ૪
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર
 દીઠોજી દેવ સકલ મેં હો જિનજી તુ મેરા. ૫.

## શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ

શાંતી સુહંકર સાહિબો સંજમ અવધારે
સુમિત્રને ઘેર પારણું ભવ પાર ઉતારે
વિચરંતા અવનિ તળે તપ ઉગ્ર વિહારે
જ્ઞાન ધ્યાન એક તાનથી તિર્યંચને તારે (૧)

## નવપદ મહિમા

અરિહંત શાસનના શણગાર સિદ્ધ અનંતુ સુખ દેનાર;
સૂરિ પાઠક ગુરૂ મનોહર એ પાંચે પરમેષ્ઠિ ઉદાર;
નવપદ એ નવ સેરો હાર હૃદયે ધરતાં ઉતરે પાર;
અડસઠ અક્ષર તીરથ સાર સંપદ આઠે સિદ્ધિ દાતાર.

## — દેવવંદન —

અષ્ટ પ્રકારી પૂજા કરી, આરતી મંગલ દીવો ઉતારી, નીચે પ્રમાણે દેવ વાંદે.

પ્રથમ ઇરિયાવહિ, ખમાસમણ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી શાન્તિનાથનું ચૈત્યવંદન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું. ચાર થોયના દેવવંદન, અરિહંત ચેઇયાણં, અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત કહી સ્તુતિ કહે તે આ પ્રમાણે :–

અર્હંસ્તનોતુ સ શ્રેયઃ શ્રિયં યદ્ધ્યાનતો નરૈઃ ।
અપ્યૈન્દ્રી સકલાઽત્રૈહિ રંહસા સહ સૌચ્યત ॥૧॥

પછી લોગસ્સ સવ્વલોએ, વંદણવત્તિઆએ, અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી સ્તુતિ કહે.

ઓમિતિ મંતા યચ્છાશનસ્ય નન્તા સદા યદંહ્રીશ્ચ ।
આશ્રીયતે શ્રિયાતે ભવતો ભવતો જિનાઃ પાન્તુ ॥૨॥

પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ, વંદણવત્તિઆએ, અન્નત્થ કહી નવકારનો કાઉસ્સગ્ગ પારી સ્તુતિ કહે.

નવતત્વયુતા ત્રિપદી, શ્રિતા રુચિજ્ઞાનપુણ્ય શક્તિમતા ।
વરધર્મકીર્તિવિદ્યાઽઽનન્દાસ્યા જૈનગીર્જીયાત્ ॥૩॥

પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ શ્રી શાન્તિનાથ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ, વંદણવત્તિઆએ૦ અન્નત્થકહી એક-લોગસ્સનો કાઉસ્સગ્ગકરી નમોઽર્હત કહી સ્તુતિ.

શ્રી શાન્તિઃ શ્રુતશાન્તિ પ્રશાન્તિ કોઽસાવશાંતિમુપશાંતિમ્ ।
નયતુ સદા યસ્ય પદા સુશાન્તિદાઃ સન્તુ સન્તિ જને ॥૪॥

નમુત્થુણં, જાવંતિ, ખમાસમણં, જાવંત, નમોઽર્હત્, સ્તવન શાંતિનાથ પ્રભુનું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજન પ્રસંગે

પ્રભુતારુ શાસન પ્રભુ તારો મહિમા,
પ્રભુ તારી વાણી અમને ગમે છે.
આ સંસાર દુઃખમય લાગે ત્રાસી
સહુ આવ્યા પ્રભુ તારે દ્વારે
નીરખી આ નયણાં અમીરસ ઝરણાં
મુખડું તમારૂં અમને ગમે છે.
આ ભવસાગર રંગ તોફાની નાની
આ મારી નાવ અટવાણી
પાર લગાઓ થાઓ સુકાની
હૈયાં અમારા તુમને નમે છે.
પૂજન આરાધક સ્નેહે જસુ ગાવે
ત્રિભુવન નાથ તું જગમાં કહાવે
પ્રભુ તારી ભક્તિ હૃદયે રમે છે
ચરણોની સેવા અમને ગમે છે.

## જલપૂજાનો દુહો

જલ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ:
જળ પૂજા ફળ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ.

## ચંદનપૂજાનો દુહો

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પુષ્પપૂજાનો દુહો

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ;
સુમજંતુ ભવ્યજ પરે, કરીએ સમકિત છાપ.

## ધૂપપૂજાનો દુહો

ધ્યાનઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ,
મિચ્છિત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ.

## દીપકપૂજાનો દુહો

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવપ્રદીપ પ્રગટ હોવે, ભાસિત લોકાલોક.

## અક્ષતપૂજાનો દુહો

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી; નંદાવર્ત વિશાલ;
પૂરી પ્રભુ સન્મુખ રહો. ટાળી સકલ જંજાલ.

## નૈવેદ્યપૂજાનો દુહો

અણુહારીપદ મેં કર્યાં, વિગ્ગહગઇયિ અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારિ શિવસંત.

## ફળપૂજાનો દુહો

પુરૂષોત્તમ પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફળ ત્યાગ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## — અષ્ટપ્રકારી પૂજાનું ફળ —

જળપૂજા કરવાથી ભવ્યાત્મા નિર્મળતાને પ્રાપ્ત કરે છે. પુષ્પપૂજાથી સુભગના સૌભાગ્યને મેળવે છે. કેસર ચંદન વિગેરે સુગંધી દ્રવ્યો દ્વારા પૂજા કરવાથી સ્વામીપણું મેળવે છે. માંગલિક એવા અક્ષતોથી ભગવાનને પૂજી બાહ્ય-અભ્યંતર બન્ને પ્રકારની લક્ષ્મી મેળવે છે. નૈવેદ્ય પૂજાથી ભોજ્ય મેળવે છે. દીપક પૂજાથી તેજ પ્રાપ્ત કરે છે. ધૂપપૂજાથી કર્મોનું ઉચ્ચાટન કરી જગતમાં વ્યાપ્તઃએવી કીર્તિ-સુવાસને મેળવે છે. અને ફળપૂજાથી કલ્યાણ મંગલના વિધાનભૂત નિશ્ચલ એવા મોક્ષરૂપ ફળને મેળવે છે.

### યક્ષોના નામો

ગોમુખ ને મહાયક્ષ, ત્રિમુખ યક્ષેશ સંભારૂં;
તુંબરૂ કુસુમ માતંગ, વિજય યક્ષમાં ચિત્તમાં ધારૂ.
અજિત ને વળી બ્રહ્મ, મનુજ ને સુર કુમારા;
યક્ષ પ્રભુ અણગાર, ભક્ત જન પાલન હારા.
ષણ્મુખ ને પાતાળ કરૂં, કિન્નરની સેવા;
ગરૂડ ગંધર્વ યક્ષ, યક્ષેંદ્ર કુબેર દેવા.
વરૂણ ભૃકુટી અને યક્ષ, ગોમેધ વખાણું;
પાર્શ્વ અને માતંગ, પ્રભુના યક્ષો જાણું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્તવન રચનાર

દિસે સૂર્ય સમાન તપ ગચ્છ રૂપ ગગનમાં,
સદ્ગુરુ યુગ પ્રધાન સોમ સુંદર સૂરિ જનમાં;
ગણધર વિદ્યા સિદ્ધિ પ્રાપ્ત દુર્લભ થઈ એવા,
મુનિ સુંદર સૂરિ ગાય શાંતિ દેવાધિદેવા.

## શ્રી શાન્તીનાથ-સ્તવન

(રાગ કેદાર)

દર્શન દો શ્રી શાંતીનાથ
મોરી અખીયા પ્યાસીરે.
મેઘરથ રાજા તુમહી બન્યો પ્રભુ
દયા કે સાગર રે....મોરી
આયે દેવ પરીક્ષા લેને બનકર પંછી રે
દેખા જબ બલીદાન તુમારા
દોનોં શરણ પડે
દર્શન દો શાંતી કે દાતા
જગકો શાંતીરે – મોરી
ભૂલે ભટકે સબ સંસારી
આયે શરણ તુમારે
શાંતીનાથ શાંતી કે દાતા સબકો શાંતી દે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી પદ્માવતિ દેવીથી સમસ્ત આગમો વ્યાપ્ત છે.

तारा त्वं सुगतागमे भगवती गौरीति शैवागमे ।
बज्रां कौलिक शासने जिनमते, पद्मावती विश्रुता ।
गायत्री श्रुतशालिनां प्रकृतिरित्युक्तासि साऽख्यागमे ।
माता भारति किं प्रभूत मणितैर्व्याप्तं समस्त त्वया । ॥१॥
जैने पद्मावतीति त्व शुभ दलना ताम्य गौरिती शैवे
तारा बौद्धागमे त्वं प्रकृतिरितिमता देवि सांख्यागमे त्वं
गायत्री भट्टमार्गे त्वमसि च विमले कौशिके त्वं च वज्रा
व्याप्तं विश्वं त्वयेति स्फुर दुरुयशसेमेऽस्तु पद्मे नमस्ते ॥२॥

॥ જૈનં જયતિ શાસનમ્ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## સોળ વિદ્યાદેવી

રોહીણી પ્રજ્ઞપ્તિ શ્રી વજ્રશૂંખલા દેવી
વજ્રાંકુશી માત ચક્રેશ્વરી શાસનદેવી
નરદત્તા ને કાલી મહાકાલીની શક્તિ
પ્રણમું હું તસ પાય કરી નિત્ય કોડે ભક્તિ
ગૌરીને ગાંધારી મહાજ્વાલા ભય ટાળે
માનવી વૈરોટયા અચ્યુપ્તા પાપ પ્રજાળે
વંદુ માનસિકા મહા માનસિકા જેવી
રક્ષણ કરો સદાય સોળ એ વિદ્યાદેવી

## ચોવીસ શાસન દેવી

ચક્રેશ્વરી અજિતા દેવી દુરિતારી કાલી
મહાકાલી જય માત અચ્યુતા રક્ષા વાળી
શાંત જવાલા સતી વળી સુતારકા માતા
સમરૂ અશોકા નામ ચરણ શ્રી વત્સાગાતા
ચંડા વિજયા અને અંકુશા પન્નગાં ભેટયાં
નીર્વાણી અચ્યુતા ધારણી જય વૈરુટયા
અચ્યુપ્તા ગાંધારી અંબા પદ્માવતી દેવી
સિધ્ધા સહ ચોવીસ સમરતાં શાસન દેવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પંચોપચાર પૂજા

મંત્રની આરાધના દરમ્યાન, સાધકે દરરોજ સાધ્ય દેવની પંચોપચાર પૂજા કરવી જોઈએ તે આ પ્રમાણે

૧ આહ્વાન ૐ હ્રીં શ્રી નમોસ્તુ ભગવતી પદ્માવતિં દેવિ એહિ એહિ સંવૌષટ્ ॥

૨ સ્થાપના ૐ હ્રીં નમોસ્તુ ભગવતી પદ્માવતિ દેવિ તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઠઃ ॥

૩ સન્નિધિકરણ ૐ હ્રીં નમોસ્તુ ભગવતી પદ્માદેવી મમઃ સન્નિહિતા ભવ ભવ વષટ્ ॥

૪ પૂજન ૐ હ્રીં નમોસ્તુ ભગવતિ પદ્માવતી દેવિ ગન્ધાદીન ગૃહણ નમઃ ॥

૫ વિસર્જન ૐ હ્રીં નમોસ્તુ ભગવતિ પદ્માવતિ દેવિ સ્વ સ્થાન (ગચ્છ) જઃ જઃ જઃ

સાચા અલંકાર :-

ક્રિયા માત્રમાં અને સિદ્ધ માત્રમાં ઇશ્વરને અને અન્યને યશ આપે તે અલંકાર, પોતે યશ લે તો અહંકાર, કાયાને દીપાવે તે અલંકાર નહીં, અલંકારથી અહંકાર ન આવે, તે માટે જાગૃત રહો જ[illegible] ચરણ એજ ઉત્તમ પુરૂષોનો ઉત્તર છે

Serving JinShasan
071361
gyanmandir@kobatirth.org

હે પ્રભુ! તમા[illegible] રાજ્યપદ, દેવપણું તેમાંનું કાંઈપણ હું માગતો નથી. હે ભગવાન્ મારી પ્રાર્થના એવી છે કે હંમેશાં તારા દાસપણાને ભવોભવ રહું તેવી વિનંતી.

For Private and Personal Use Only